પ્રેસ રિલીઝ

ભાજપનાં વરિષ્ઠ નેતા બલબીર પુંજે ભારતીય રેલવેનાં ટોચના મેનેજમેન્ટ અને નાણાકીય સેટ-અપને બે વિભાગોમાં વિભાજીત કરવાની માગણી કરી છે. એક વિભાગ ફક્ત કોમર્શિયલ કામકાજ પર નિયંત્રણ રાખે અને બીજો વિભાગ સામાજિક, રાષ્ટ્રીય અને વ્યુહાત્મક બાબતો પર ધ્યાન આપે.

રાજ્યસભામાં રેલવે બજેટ વિશેની ચર્ચામાં ભાગ લેતા પુંજે વધુમાં જણાવ્યું હતું કે સામાજિક અને વ્યુહાત્મક મહત્ત્વ ધરાવતા રેલવે પ્રોજેક્ટને સામાન્ય બજેટમાંથી નાણાકીય ફાળવણી થવી જોઈએ.

પુંજે ઉમેર્યું હતું કે ચીને પોતાનાં રેલવે નેટવર્કનું ભારત-ચીનની સરહદના છેલ્લા માઈલ સુધી વિસ્તરણ કર્યું છે. બીજી બાજુ ભારતીય સરહદે રેલવે કનેક્ટીવિટી જ નથી.

તે વિસ્તારમાં રેલવે કનેક્ટીવિટીનાં અભાવે આર્થિક પ્રવૃત્તિઓ પર માંથી અસર થઇ છે. વિકાસનાં મીઠાં ફળ દુર્ગમ પહાડી વિસ્તારોમાં રહેતા લોકો સુધી હજુ પહોંચ્યા જ નથી. તેના લીધે તે વિસ્તાર દેશના અન્ય ભાગોથી વિખુટો પડી ગયો હોય એવું લાગે છે. ભારત અને ચીન વચ્ચે કદાચ દુશ્મનાવટ થાય તો ચીનનાં લશ્કરી દળોને શસ્ત્રોનો પુરવઠો પહોંચાડવા રેલવેનો જેટલો ફાયદો મળે એટલો આપના લશ્કરી દળોને નહિ મળી શકે.

પુંજે જણાવ્યું કે કેન્દ્ર સરકારે દેશના અંતરિયાળ વિસ્તારોને રેલવેની મુખ્ય ધારા સાથે જોડવા વર્તમાન અને આગામી પંચવર્ષીય યોજનાઓમાંથી સામાન્ય બજેટ મારફતે નાણાકીય ફાળવણી કરાવી જોઈએ.

પુંજે કહ્યું કે રેલવે બજેટે યુપીએ સરકારને સમગ્ર રેલવેતંત્રની ગાડી પાટે ચડાવવાની વધુ એક તક આપી. પરંતુ કમનસીબે સરકારે તે મોકો ગુમાવી

દીધો છે. રેલવે પ્રધાને કટ એન્ડ પેસ્ટ બજેટ રજુ કર્યું હોવાનો આક્ષેપ કરતા તેમણે જણાવ્યું કે રેલવે બજેટ વક્તવ્યમાં દીર્ઘદ્રષ્ટિનો અભાવ અને રેલવેને ફરી સક્ષમ બનાવાનો અભાવ જણાયો.

તેમણે વધુમાં કહ્યું કે યુપીએ-૧ અને યુપીએ-૨ સરકારે રજુ કરેલા રેલવે બજેટમાં ત્રણ મુદ્દા એકસરખા છે.

તેની વિગતો આપતા તેમણે ઉમેર્યું કે એક મુદ્દો રેલવે બજેટમાં અપાયેલા વચનોની લ્હાણીનો છે. બીજો મુદ્દો બંને બજેટમાં કેટલાક નવા એકમો સ્થાપવા અને નવા પ્રોજેક્ટો શરૂ કરવા બાબતનો છે. અને ત્રીજો મુદ્દો પ્રધાનો ભાગ્યેજ જેનું પાલન કરતા હોય છે એવા વચનો અને જાહેરાતોની ભરમારનો છે.

પુંજે એવો આક્ષેપ કર્યો કે વર્તમાન રેલવે પ્રધાને પાંચ એવી યોજનાઓ બજેટમાં જાહેર કરી કે જે અગાઉના રેલવે પ્રધાનો પણ જાહેર કરી ચુક્યા છે :

- ઈન્ટરનેટ વડે ટીકીટ બુકિંગ સુવિધાનો સમય લંબાવવાની જાહેરાત જૂન-૨૦૧૦માં મમતા બેનરજીએ કરી હતી.
- મોબાઈલ ફોનથી ટીકીટ બુકિંગ સુવિધા પૂરી પાડવાની જાહેરાત લાલુપ્રસાદ યાદવે કરી હતી.
- કોડ - ૧૩૯ દ્વારા રિઝર્વેશન માટે એસએમએસ એલર્ટની વ્યવસ્થા લાવવાની જાહેરાત મમતા બેનરજીએ ૨૦૦૯-૧૦માં કરી હતી.
- અત્યાધુનિક ઈ-ટીકીટ રિઝર્વેશન સિસ્ટમ લાવવાની જાહેરાત ૨૦૧૨-૧૩ના રેલવે પ્રધાન મુકુલ રોયે કરી હતી.
- ટ્રેનોમાં ઈલેક્ટ્રોનિક ડિસ્પ્લે બોર્ડ લગાવવાની જાહેરાત ૨૦૦૮-૦૯માં લાલુપ્રસાદે કરી હતી.

પુંજે વધુમાં કહ્યું કે ઘસારા અનામત ફંડમાં કાપ મુકવાથી રેલવે સેવાઓની ગુણવત્તા તેમજ મુસાફરોની સલામતી પર માઠી અસર પડશે.

તે કેટેગરીમાં જુના પુલ, રેલવેલાઈનો તથા જીર્ણ થઇ ગયેલા ઉપકરણો બદલવાનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે સિગ્નલ અને કોમ્યુનિકેશન નેટવર્કમાં રૂ. ૯૫૩ કરોડનો કાપ મુકવામાં આવ્યો છે. રેલવેલાઈન નવિનીકરણ માટેના ભંડોળમાં રૂ. ૬૬૧ કરોડ અને પુલોની મરામત માટેના ભંડોળમાં રૂ. ૧૨૪ કરોડનો કાપ મુકવામાં આવ્યો છે. ટ્રાફિક સુવિધાઓ માટેના ભંડોળમાં પણ રૂ. ૧૨૦ કરોડનો કાપ મુકવામાં આવ્યો છે. આ બધા કાપ મુકવાથી રેલવે નેટવર્ક અને મુસાફરોની સલામતી પર પ્રતિકુળ અસર થશે.

કુંભમેળા વખતે અલ્હાબાદ રેલવે સ્ટેશને ધક્કામુક્કી થતા સર્જાયેલી કરુણ દુર્ઘટનાનો મુદ્દો ઉઠાવતા તેમણે જણાવ્યું કે તેના માટે રેલવે જવાબદાર છે. દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકો અકસ્માતનો નહિ હત્યાનો ભોગ બન્યા છે.

પુંજે રેલવે પ્રધાનને પૂછ્યું કે કુંભમેળા પૂર્વે રેલવેની વ્યવસ્થા વિષે જાણકારી મેળવવા તમે અલ્હાબાદ રેલવે સ્ટેશને ગયા હતા ખરા ? નહોતા ગયા તો શા માટે?

તેમણે રેલવે બજેટ ફાળવણીનું વિશ્લેષણ કર્યું હતું અને ઉમેર્યું હતું કે નુરનાં દરમાં ૫.૮ ટકાનો વધારો વખોડવાને લાયક છે. વર્ષ ૨૦૦૧થી અત્યાર સુધીમાં નૂરમાં ૪૫૦ ગણો વધારો કર્યો છે. જેની ફુગાવા પર માઠી અસર થઇ છે. નુરમાં વધારાને લીધે ખાસ કરીને સ્ટીલ, કોલસો, સિમેન્ટ અને મીઠાનાં ભાવ વધશે.

આઝાદી સમયે ભારતમાં ૫૩,૦૦૦ કિલોમીટર રેલ્વેલાઈન હતી. ત્યારપછીના ૬૫ વર્ષોમાં દેશને ફક્ત ૧૩,૦૦૦ કિલોમીટર વધારાની રેલ્વેલાઈન મળી. આમ વર્ષે માત્ર ૨૦૦ કિલોમીટરની લાઈનનો ઉમેરો થયો. બીજી બાજુ ચીને એટલા સમયગાળામાં ૭૦,૦૦૦ કિલોમીટર રેલવેલાઈનનો ઉમેરો કર્યો.